# ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી

## સિધપુર- ૩૮૪૧૫૧

## પરિપત્ર

**વિષય:-પુનઃ મુલ્યાંકન (Re-Assessment) તેમજ પુનઃચકાસણી (Re-checking) માટેના નિયમો...**

વંચાણે લીધા:- (૧) પરિપત્ર ક્રમાંક : જીજીયુ/પરીક્ષા/૪૩૬/૨૦૧૯તા.૧૮-૦૩-૨૦૧૯

(૨) પરિપત્ર ક્રમાંક : જીજીયુ/પરીક્ષા/૩૬૯/૨૦૧૯તા.૨૭-૦૨-૨૦૧૯

આથી સબંધકર્તા સર્વે વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે,ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી હસ્તક કાર્યરત તમામ ડિગ્રી કોર્ષ / પોલીટેકનીક અભ્યાસક્રમોમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તેમને યુનિવર્સિટી કક્ષાએથી પરિણામ પ્રસિદ્ધ કર્યા પછી તેમનું પરિણામ વિદ્યાર્થીને સંતોષકારક ન જણાય તો પુનઃ મુલ્યાંકન (Re-Assessment) તેમજ પુનઃચકાસણી (Re-checking) કરાવવા માટેની જરૂરી જોગવાઈ વંચાણે લીધેલ પરિપત્રોથી કરવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબ જરૂરી સુધારો/વધારો કરી પરિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે, જેથી જે વિદ્યાર્થી પુનઃ મુલ્યાંકન (Re-Assessment)) તેમજ પુનઃચકાસણી (Re-checking) કરાવવા ઈચ્છતા હોય તો તેમને નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**પુનઃ મુલ્યાંકન (Re-Assessment):**

(૧) પરિણામ પ્રસિદ્ધ થયા તારીખથી ૧૪ દિવસમાં પુનઃ મુલ્યાંકન (Re-Assessment) તેમજ પુનઃચકાસણી (Re-checking) માટે નિયત અરજી ફોર્મ કોલેજ કાર્યાલયમાંથી મેળવવાનું રહેશે. તેમજ અરજી ફોર્મમાં જરૂરી વિગતો તેમજ નિયત ફી ભરી કોલેજ કાર્યાલયમાં સત્વરે જમા કરાવવાનું રહેશે.

(૨) પુનઃ મુલ્યાંકન (Re-Assessment) માટે વિષય દીઠ રૂપિયા ૮૦૦/- ફી નિયત કરેલ છે, જે અરજી સાથે રોકડા ભરવાના રહેશે (Non-refundable).

(૩) તમામ સ્નાતક કક્ષા તેમજ તમામ પોલીટેકનીક વિદ્યાશાખામાં પુનઃ મુલ્યાંકન (Re-Assessment) અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં એટલે કે છેલ્લા બે સેમેસ્ટરમાં કરાવી શકાશે,પરંતુ સંબંધિત સેમેસ્ટરમાં બેથી વધારે વિષયોનું પુનઃ મુલ્યાંકન(Re-Assessment) કરાવી શકશે નહિ.

(૪) જયારે અનુસ્નાતક વિદ્યાશાખામાં તમામ સેમેસ્ટરમાં પુનઃ મુલ્યાંકન (Re-Assessment)કરાવી શકાશે પરંતુ સંબંધિત સેમેસ્ટરમાં બેથી વધારે વિષયોનું પુનઃ મુલ્યાંકન(Re-Assessment) કરાવી શકશે નહિ.

(૫) પુનઃ મુલ્યાંકન (Re-Assessment) માટે આંતરિક કે બાહ્ય પરિક્ષકશ્રીની નિમણુંક માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી આપવામાં આવશે.

(૬) પરિક્ષકશ્રીને પુનઃ મુલ્યાંકન (Re-Assessment) કરી આપેલ ગુણ નીચે મુજબ ગણતરીમાં લેવામાં આવશે.

(અ) પુનઃમૂલ્યાંકન પછી અસલ ગુણ કરતા ૧૦% ગુણ ઓછા આવે તો પ્રથમ મૂલ્યાંકનના ગુણ + પુનઃમૂલ્યાંકનના ગુણનો સરવાળો કરી ૨ વડે ભાગતા જે ગુણ આવે તે માન્ય રાખવામાં આવશે.

(બ) પરંતુ પુનઃ મુલ્યાંકન પછી અસલ ગુણ કરતા ૧૦% ગુણ વધારે આવે તો ત્રીજા પરીક્ષકશ્રી પાસે પુનઃ મુલ્યાંકન કરાવવાનું રહેશે. ત્રીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણ બીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણ કરતા૧૦% ઓછા હોય તો, પ્રથમ પરીક્ષકશ્રીએ આપેલ ગુણ + ત્રીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણનો સરવાળો કરી ૨ વડે ભાગતા જે ગુણ આવે તે માન્ય રાખવામાં આવશે.

(ક) વધુમાં સ્પષ્ટતા કરવાનીકે બીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણ કરતા ૧૦% ગુણ વધારે આવે તો વિદ્યાર્થીના બીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણ + ત્રીજા પરીક્ષકશ્રીએ આપેલ ગુણનો સરવાળો કરી ૨ વડે ભાગતા જે ગુણ આવે તે માન્ય રાખવામાં આવશે.

Scanned with CamScanner

(ડ) ૧૦% ગુણ પ્રશ્નપત્રના કુલ ગુણ પ્રમાણે ગણતરીમાં લેવાના રહેશે.

દા.ત. ૧૦૦ ગુણનુ પેપર હોય તો ૧૦ ગુણ

૭૦ ગુણનુ પેપર હોય તો ૦૭ ગુણ

(અ),(બ),(ક) અને (ડ)ની વિગત કુલસચિવશ્રી તેમજ માન. કુલપતિશ્રીને ધ્યાને લાવવામાં આવશે તેમજ માન. કુલપતિશ્રીનો નિર્ણય માન્ય રાખવામાં આવશે.

પુનઃ મુલ્યાંકન (Re-Assessment) માટે પરીક્ષકશ્રીઓના મહેનતાણા નીચે મુજબ ચૂકવવાના રહેશે.

(૧) એક જ વિષયની પાંચ ઉત્તરવહી કે પાંચથી ઓછી હોય તો પણ પુનઃ મુલ્યાંકન માટે રૂ. ૫૦૦/- ફિક્સ મળવાપાત્ર થશે.

(૨) એક જ વિષયની ઉત્તરવહીની સંખ્યા પાંચ કરતા વધે તો પ્રતિ ઉત્તરવહી દીઠ રૂપિયા ૫૦/- પ્રમાણે ચૂકવવાના રહેશે.

(૩) નર્સિંગ તેમજ પેરામેડીકલ અને આયુર્વેદમાં નિયત દરથી સરળતાથી બાહ્ય પરીક્ષકો ઉપલબ્ધ થતા નથી જયારે આ પ્રકારના વિશિષ્ટ સંજોગો ઉપસ્થિત થાય ત્યારે મહેનતાણા અંગે માન. કુલપતિશ્રીનો નિર્ણય માન્ય રહેશે.

<u>પુનઃચકાસણી (Re-checking):-</u>

પુનઃચકાસણી (Re-checking) માટે સબંધિત વિદ્યાર્થીએ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) વિષયદીઠ પુનઃચકાસણી માટે ફી રૂ. ૨૦૦/- રોકડા હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે (Non-refundable).

(૨)પુનઃ ચકાસણી માટે નિયત અરજી ફોર્મ સબંધિત કોલેજના કાર્યાલયમાંથી વિના મુલ્યે મળશે.

(૩) અરજી ફોર્મમાં જરૂરી વિગતો ભરી અરજી ફોર્મ કોલેજ કાર્યાલયમાં પરત આપવાના રહેશે.

(૪) ઉત્તરવહીની પુનઃચકાસણીમાં કોઈપણ પ્રશ્ન તપાસવાનો રહી ગયેલો નથી, સરવાળા બરાબર છે કે કેમ ? પ્રશ્નના આપેલ ગુણ ગણવાના બાકી રહ્યા નથી તેનો સમાવેશ થાય છે, જેની નોંધ લેવી.

ઉપરોક્ત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.જીજીયુ/પરીક્ષા/૪૦૮/૨૦૨૧

તા. ૦૭-૦૭-૨૦૨૧

Gokul Global University
विद्या अनंतम्
Sidhpur - 384151

(ડૉ. હિંમતસિંહ રાજપૂત)

કુલસચિવ

<u>નકલસવિનયરવાના</u>

૧ આચાર્યશ્રી (તમામ)..................................કોલેજ નોટીસ બોર્ડ ઉપર તાત્કાલિક પ્રસિદ્ધ કરવા વિનંતી.

૨ હિસાબી વિભાગ, ગોકુલ ગ્લોબલયુનિવર્સિટી, સિદ્ધપુર.

૩ મદદનીશ કુલસચિવ (એકેડેમિક), ગોકુલ ગ્લોબલયુનિવર્સિટી,સિદ્ધપુર તરફ જાણ તેમજ આ યુનિવર્સિટીહસ્તક તમામ વિદ્યાશાખાના એકેડમીક રેગ્યુલેશનમાં સમાવેશ કરવા યોગ્ય કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

૪ સ્ટુડન્ટ વિભાગ, ગોકુલ ગ્લોબલયુનિવર્સિટી, સિદ્ધપુર.

૫ આઈ.ટી વિભાગ, ગોકુલ ગ્લોબલયુનિવર્સિટી, સિદ્ધપુર.

Scanned with CamScanner